ભાજપ પ્રવેશ : કોંગ્રેસના દલિત નેતા અને રાજ્યના પૂર્વમંત્રી ઈશ્વરભાઈ મકવાણા સોમવારે વિધિવત રીતે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયાની જાહેરાત પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ કરી હતી.

અમદાવાદમાં કાપડના વેપારીઓ અચોક્કસ મુદ્દતની હડતાલ

૧૨મી જૂલાઇએ અમદાવાદમાં વેપારીઓની મહારેલી યોજાશે : વેપારીઓનો જીએસટીના વિરોધમાં જોરદાર સૂત્રોચ્ચાર અને નારા લગાવી વિરોધ પ્રદર્શન

અમદાવાદ, તા.૧૦

સુરતમાં જીએસટીના પ્રચંડ વિરોધ બાદ હવે આજથી અમદાવાદમાં કાપડબજારના વેપારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી ગયા છે. કાપડબજારના વેપારીઓ, કારીગરો અને ઉદ્યોગકારોએ ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થઈ જીએસટી પરત્વે જોરદાર વિરોધ વ્યકત કર્યો હતો અને જીએસટી હટાવોના નારા અને સૂત્રોચ્ચાર લગાવ્યા હતા. બીજીબાજુ, અમદાવાદ શહેરમાં તા.૧૨મી જૂલાઈએ કાપડઉદ્યોગના વેપારીઓ-કારીગરોની એક વિશાળ રેલી નીકળવાની છે, જેને લઇ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ મહારેલીમાં રાજયભરમાંથી કાપડબજારના એક લાખથી વધુ વેપારીઓ-કારીગરો જોડાનાર છે. કાપડબજારના વેપારીઓ દ્વારા સેલ્સટેક્સ ઓથોરીટી સહિતના સત્તાવાળાઓને આવેદનપત્ર આપી જીએસટીનો જોરદાર વિરોધ વ્યકત કરાશે. સુરતમાં કાપડબજારના વેપારીઓ પર જીએસટીઓના વિરોધ પ્રદર્શન દરમ્યાન પોલીસ દ્વારા નિર્દયતાપૂર્વક લાઠીચાર્જ કરવાની ઘટના બાદ રાજયભરના કાપડબજારના વેપારીઓમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. અમદાવાદમાં પણ જીએસટી સામે વિરોધનો જોરદાર વંટોળ ફુંકાયો છે. જીએસટીના વિરોધમાં કાપડના વેપારીઓ આજથી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી ગયા છે. શહેરના ન્યુ કલોથ માર્કેટ, ઘંટાકર્ણ માર્કેટ, નૂતન કલોથ માર્કેટ, પાંચકુવા સિંધી માર્કેટ, શ્રીરામ માર્કેટ, મસ્કતી માર્કેટ, હરીઓમ માર્કેટ, સુગ્નોમલ માર્કેટ, સફલ-૧,૨ અને ૩ માર્કેટ સહિતના કાપડબજારોમાં બંધના લીધે સન્નાટાનો માહોલ છવાયો હતો અને કાપડબજારનું કામકાજ ઠપ્પ થઈ ગયુ હતું. કાપડબજારના વેપારીઓએ ઉગ્ર આક્રોશ ઠાલવ્યો હતો કે, જયાં સુધી સરકાર જીએસટીના મુદ્દે તેઓની માંગ નહી સ્વીકારે ત્યાં સુધી કાપડબજારની અચોક્કસ મુદતની હડતાળ ચાલુ રહેશે. કાપડબજારના વેપારીઓના વિરોધ અને ઉગ્ર માંગણી છતાં રાજય સરકારે હજુ સુધી સમાધાનકારી વલણના પ્રયાસ સુધ્ધાં કર્યા નથી, જેને લઇ વેપારીઓમાં ઉગ્ર આક્રોશ છે. એક દિવસની હડતાળ કે બંધના કારણે વેપારીઓને આશરે ચાર હજાર કરોડ રૂપિયાનું નુકસાન થાય તે જોતાં અચોક્કસ મુદતની હડતાળથી વેપારીઓને હજારો કરોડો રૂપિયાનું નુકસાન થવાનું છે, તેમછતાં વેપારીઓ આ આર્થિક નુકસાન સહન કરીને પણ જીએસટી સામેની લડત લડવાના મક્કમ નિર્ધાર પર કાયમ છે. આજે અમદાવાદ ઉપરાંત, સુરત, મહેસાણા સહિતના જુદા જુદા સ્થળોએ પણ જીએસટીના વિરોધમાં દેખાવો યોજાયા હતા.

પૂ. પ્રાગદાસ બાપાનું પૂજન : ગુરુ પૂર્ણિમામાંના પાવન પર્વે પાટણ તાલુકાના મણુંદ ગામે પ્રર્જન્ય યજ્ઞનું આયોજન ગાંધીનગરના જાણીતા ઉદ્યોગપતિ નારણભાઈ પટેલ (એન.પી.) પરિવાર દ્વારા કરાયું હતું. નિલકંઠેશ્વર મહાદેવ, હનુમાન ચોક ખાતે પૂ. પ્રાગદાસ બાપાની પ્રતિમાનું સંસદીય સચિવ રણછોડભાઈ દેસાઈ, એન. પી. પટેલ, અંબાલાલ પટેલ, સ્નેહલ પટેલ સહિતના આગેવાનોએ પૂજન - અર્ચન કર્યું હતું. આ પ્રસંગે યોજાયેલ ભજન સતસંગમાં મણુંદ, સંડેર, બાલીસણા, ભાદું, વાલમ સહિત આસપાસના સ્નેહીજનો જોડાયા હતા.

સે-૨૭ શિવશક્તિ સોસાયટીમાં ગટરો ઉભરાતા રહીશોને શૌચક્રિયા માટે ખુલ્લામાં જવાની નોબત

ગાંધીનગર તા ૧૦

શહેરમાં ગટરો ઉભરાવાની સમસ્યા જટીલ બની છે. જુના અને નવા સેકટરોમાં ગટરોનુ પાણી ઘરમાં બેક મારતા રહીશો ગુંગળામણ અનુભવી રહયા છે. જુના સેકટરોમાં ગટરનો પ્રશ્ન પેચીદો બન્યો છે. જયારે સે-૨૭ માં સ્થિત શિવશકિત સોસાયટીમાં છેલ્લા ૧૫ દિવસથી ગટરો ઉભરાતા રહીશોએ ખુલ્લામાં શૌચકીયાએ જવાની નોબત આવી છે. આ મામલે તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા કોઈ અસરકારક પગલા લેવાતા નથી.

શહેરમાં પાણી અને ગટર લાઈનની દિનપ્રતિદિન નતનવી સમસ્યાઓ ઉદભવી રહી છે. જેના લીધે સેકટરોમાં રોજબરોજ નવી સમસ્યાઓ ઉદભવી રહી છે. દાયકાઓ જુની ગટરલાઈનને અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. તંત્ર દ્વારા સેકટરોમાં ટુકડે ટુકડે વધારાની ગટરલાઈન નાંખવામાં આવી રહી છે. ઉભરાતી ગટરોની સમસ્યાને ડામવા માટે પ્રયાસો કરવામાં આવી રહયા છે. પરંતુ કેટલાક સેકટરોમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર છે. સ્થાનિક રહીશો ગટરો ઉભરાવાના લીધે મુંઝવણમાં મુકાયા છે. ઘરમાં ગટરોનુ દુષિત પાણી ફરી વળતા રહીશો ગુંગળામણ અનુભવી રહયા છે. સે-૨૭ માં પણ આવી જ સ્થિતિ છે. સે-૨૭ ની શિવશકિત સોસાયટીમાં છેલ્લા ૧૫ દિવસથી ગટરોનુ દુષિત પાણી ઉભરાતા સ્થાનિક રહીશો માટે નર્કાગાર જેવી સ્થિતિ સર્જાઈ છે. આ મામલે સ્થાનિક રહીશોદ્વારા તંત્ર સમક્ષ રજુઆત પણ કરવામાં આવી છે. છેલ્લા ૧૫ દિવસથી ગટરનુ દુષિત પાણી બેક મારતા દુર્ગંધયુકત માહોલ વચ્ચે રહીશો તોબા પોકારી ગયા છે. એટલુ જ નહી પરંતુ આ સોસાયટીના કેટલાક ઘરોના રહીશોએ શૌચક્રીયા માટે પણ દુર સુધી ખુલ્લામાં જવાની નોબત આવી છે. સ્માર્ટ સીટીની વાતો વચ્ચે શહેરમાં જ ગટર લાઈનના ઠેકાણા નથી વર્ષો જુની લાઈનો બદલવાની સાથે તેની ક્ષમતા વધારવાની અનિવાર્યતા ઉભી થઈ છે. ત્યારે સે-૨૭ ની આ સોસાયટીના પ્રશ્નનુ ત્વરિત નિરાકરણ આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ધો-૪ના પુસ્તકમાં રોજાનો અર્થ ઝાડા-ઉલ્ટી રોગ છપાઇ ગયો

અમદાવાદ, તા.૧૦

ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ દ્વારા ધોરણ-૯ના હિન્દીના પુસ્તકમાંહેવાન ઈશુશબ્દના છબરડાનો વિવાદ હજુ શાંત પડયો નથી ત્યાં ધોરણ-૪ના હિન્દી માધ્યમના પુસ્તકમાં રોજા એટલે ઝાડા-ઉલટીની બિમારી એવો ઉલ્લેખ કરાતા બહુ મોટો વિવાદ સર્જાયો છે. ખાસ કરીને મુસ્લિમ સમાજની લાગણી દુભાતા ચોતરફ ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે અને તાત્કાલિક ધોરણે ગંભીર ક્ષતિયુકત આ પુસ્તક પાછું ખેંચવા માંગ ઉઠી છે. ધોરણ-૪ના હિન્દી માધ્યમના પુસ્તકમાં પ્રથમ ભાષાના વિષયમાં પ્રકરણ-૩માં રોજા શબ્દના આપેલા આ અર્થને લઈ પાઠય પુસ્તક મંડળ ફરી એકવાર વિવાદમાં સપડાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ દ્વારા તાજેતરમાં શરૂ થયેલા નવા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીઓને પુસ્તક વિતરણ કરવામાં આવ્યા હતા. ઘણા વિદ્યાર્થીઓ બજારમાંથી પણ પુસ્તકો ખરીદીને લાવ્યા હતા. ધોરણ-૪ હિન્દી માધ્યમમાં પણ પાઠય પુસ્કત મંડળ દ્વારા પુસ્તકો તૈયાર કરી સ્કૂલોમાં મોકલાયા હતા.

જેમાં હિન્દી પ્રથમ ભાષાના પુસ્તકમાં ગંભીર ભૂલ થઈ હોવાની બાબત પ્રકાશમાં આવી છે. હિન્દીના પુસ્તકમાં પ્રકરણ-૩ ઈદગાહનું છે, જે પ્રકરણ પૂર્ણ થયા બાદ પાઠમાં આવતા અઘરા શબ્દનો અર્થ સમજાય તે માટે શબ્દાર્થ આપેલા છે. જેમાં રોજા શબ્દનો અર્થ ઝાડા ઉલ્ટી જેવો રોગ લખવામાં આવ્યો છે. આવી ગંભીર ક્ષતિ બદલ મુસ્લિમ સમુદાયમાં ભારે નારાજગીની સાથે ઉગ્ર રોષની લાગણી ફેલાઈ છે. તો, આ ભૂલને લઈ પાઠય પુસ્તક મંડળની ગંભીર બેદરકારી ફરી સામે આવી છે. પુસ્તકમાં જે શબ્દો હિન્દીમાં લખાયા છે તે મુજબ, રોજા શબ્દનો અર્થ એક ચાતક તથા સંક્રામક રોગ જિસમેંદસ્ત ઔર કૈ આતી હૈ લખવામાં આવ્યો છે. રોજા મુસ્લિમ સમાજમાં પવિત્ર શબ્દ મનાય છે અને તેમાં આવી ભૂલના કારણે મુસ્લિમ બિરાદરોમાં નારાજગી ફેલાઈ છે.

રાજ્યમાં નર્મદા મહોત્સવ ઉજવાશે

રાજ્યના ૨૪ જિલ્લાના ૧૦ હજાર ગામોમાં મા નર્મદા મહોત્સવમાં નર્મદા રથ વધામણા-ખેડૂત સભા-મહિલા સભા-યુવા સાયકલ રેલી-રકતદાન શિબિરો-વિવિધ સ્પર્ધાઓનું આયોજન થશે

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતની જીવાદોરી બહુહેતુક નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમના દરવાજા બંધ કરવાના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકારે આપેલા ઐતિહાસિક નિર્ણયને પગલે ગુજરાતના ભાવિ વિકાસના દ્વાર ખૂલ્યા છે.

આ ઐતિહાસિક નિર્ણયને જનભાગીદારીથી ઉમંગ-ઉત્સવ તરીકે રાજયમાં મા નર્મદા મહોત્સવથી ઉજવવાનું રાજય સરકારે નક્કી કર્યુ છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ મા નર્મદા મહોત્સવની રાજય ઉજવણીની વિગતો સાથેની વેબ સાઈટ https://narmadamahotsav.gujarat.gov.in/ નું આજે ગાંધીનગરમાં લોન્ચીંગ કર્યુ હતું.

આ મા નર્મદા મહોત્સવ અંતર્ગત રાજયના મધ્ય, ઉત્તર, પૂર્વ અને દક્ષિણ એમ ચાર ઝોનમાં ૨૪ જિલ્લાના ૧૦હજારથી વધુ ગામોમાં નર્મદા રથના વધામણા કરવાનો જનઉત્સવ ઉજવાશે.

ગુજરાતની ચાર કરોડથી વધુ જનસંખ્યા પર નર્મદા યોજનાના મહત્વ અને અસર વિશે જાગૃતિ લાવવા સાથે ડેમની વધેલી જળ સંગ્રહ ક્ષમતા, પાણીના વિવેકપૂર્ણ ઉપયોગ તેમજ જળ સંરક્ષણના પ્રયાસોમાં જનસમુદાયની સહભાગીતા ઉજાગર કરવાની બાબતો આ મહોત્સવમાં આવરી લેવાઈ છે.

અત્રો એ નિર્દેશ કરવો આવશ્યક છે કે, આ મા નર્મદા મહોત્સવ તહેત યાત્રામાં જોડાવા ઈચ્છુક સ્વયંસેવક, સંસ્થાઓ તેમજ રકતદાન કેમ્પમાં જોડાવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તદ્ઉપરાંત કાવ્ય, નિબંધ, સ્લોગન સ્પર્ધા સાથે જ નર્મદાના જળથી થયેલ લાભની સફળતાગાથાની એક મિનીટની મોબાઈલ ફિલ્મની સ્પર્ધાઓ યોજવામાં આવશે. આ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે માત્ર ઓનલાઈન રજીસ્ટ્રેશન તા.૨૫ જુલાઈ-૨૦૧૭ સુધીમાં કરાવવાનું રહેશે.

ધોરણ-૧૦ સુધીના શાળા વિદ્યાર્થીઓ, ધોરણ-૧૧ થી કોલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તેમજ અન્ય નાગરિકો એમ ત્રણ કેટેગરીમાં યોજાનારી આ સ્પર્ધાઓમાં દરેક કેટેગરીમાં પ્રથમ ત્રણ વિજેતાઓને રૂ. ૨૫ થી ૧૦ હજારના પુરસ્કારો એનાયત કરવામાં આવશે.

ઘુસી શકે છે ● અનુસંધાન પહેલાનું ચાલુ

મંત્રાલયના ૩૦મી જૂનના નિવેદનને ટાંકીને લખવામાં આવ્યું કે, '' ભારતીય સેના ચીનના ડોકલામ વિસ્તારમાં ભૂતાનની મદદના નામે ચડી બેઠું છે. પરંતુ હકિકતે ભારત ભૂતાનના નામે ઘુસણખોરી કરી રહ્યું છે.''

લેખમાં ભારત પર વધુ આરોપો લગાવવામાં આવતા લખવામાં આવ્યું કે, '' ભારત લાંબા સમયથી આંતરરાષ્ટ્રીય સમાનતા અને બીજા આંતરિક મુદ્દે ડખલગીરી નહીં કરે તેવું કહેતું આવ્યું છે પરંતુ દક્ષિણ એશિયામાં તેઓએ આધિપત્યવાળી કૂટનીતિ અપનાવીને સંયુક્ત રાષ્ટ્ર ઘોષણાપત્રનું ઉલ્લંઘન કર્યું છે અને ઈન્ટરનેશનલ સંબંધોના સિદ્ધાંતોને મહત્વ નથી આપ્યું.'' લેખમાં લખાયું કે, '' સિક્કિમના લોકોમાં પ્રવાસન રીતે અંતે સિક્કિમ સંસદ પર નિયંત્રણ કર્યું અને ભારતે તેને પચાવી પોતાના રાજ્યોમાં સમાવી લીધું છે.''

લેખમાં દાવો કરાયો છે કે પશ્ચિમી દેશ કોઈપણ શરત વિના ભારતનું સમર્થન નહીં કરે કેમકે ચીનની સાથે વિભિન્ન મુદ્દે તેનું સમાન હિત છે. ચીન અને ભૂતાન વચ્ચેનાં ક્ષેત્રીય વિવાદ અંતર્ગત બંને પક્ષોએ તેનું સમાધાન લાવવું જોઈએ અને ભારતે ભૂતાની સંપ્રભુતાનું સન્માન કરવું જોઈએ.

ચીન અને ભારતીય સેના વચ્ચે છેલ્લાં ત્રણ સપ્તાહથી ભૂતાન ટ્રી-જંકશન નજીક ડોકલામ ક્ષેત્રે વિવાદ ચાલી રહ્યો છે. ચીનની આર્મીએ આ ક્ષેત્રમાં રસ્તો બનાવવાનું શરૂ કર્યા બાદથી આ વિવાદ જોવા મળી રહ્યો છે. ડોકલામ તરીકે ઓળખાતો આ વિસ્તાર ભૂતાનમાં ડોકલામ જયારે ભારતને ડોકા-લા તરીકે ઓળખે છે તો ચીન આ ક્ષેત્રને પોતાનો વિસ્તાર ગણાવી ડોંગલાંગ ક્ષેત્ર કહે છે.

ચીનની આર્મીએ આ ક્ષેત્રમાં રસ્તો બનાવવાનું શરુ કર્યા બાદથી આ વિવાદ શરુ થયો છે. ચીને સિક્કીમ સેકટરના ડોકલામ વિસ્તારમાં ભારતીય સૈનિકોની ઘુસણખોરીનો આરોપ લગાવ્યો છે. ચીન ડોકલામને પોતાનો વિસ્તાર ગણાવે છે. આ ઉપરાંત ભૂટાન પણ આ ક્ષેત્ર પર પોતાનો દાવો કરે છે. ભારત અને ચીન વચ્ચે ૩૪૪૮ કિમી લાંબી જમ્મુ-કશ્મીરથી અરૂણાચલ પ્રદેશ સુધી બોર્ડર આવેલી છે. સિક્કીમમાં આ સરહદ ૨૨૦ કિમી લાંબી છે.

ચીનના અખબાર ગ્લોબલ મીડિયાએ કહ્યું હતું કે, '' જો ભારત એમ વિચારતું હોય કે ડોંગલાંગ વિસ્તારમાં સેનાનો ઉપયોગ કરી શકે છે અને તેઓ ચીન તેમજ પાકિસ્તાન વિરૂદ્ધ યુદ્ધ માટે તૈયાર છે, તો અમારે ભારતને જણાવવું પડશે કે ચીની સૈન્યની તાકાતને અવગણે નહીં'' ગ્લોબલ ટાઈમ્સે પોતાના તંત્રી લેખમાં લખ્યું કે, '' જેટલી યોગ્ય જ કહી રહ્યાં છે કે ૧૯૬૨ અને ૨૦૧૭ના ભારતમાં ઘણું જ અંતર છે, પરંતુ જો જંગ થઈ તો ભારતને ઘણું જ નુકસાન ઉઠાવું પડશે.''

ચૂંટણી પંચ તૈયાર ● અનુસંધાન પહેલાનું ચાલુ

મેન્યુઅલ કાઉન્ટિંગ રાઉન્ડમાં વધારે સમય લાગે છે. આશા છે કે પંચ ટુંકમાં વીવીપેટને લઈને નવી માર્ગદર્શિકા જાહેર કરી શકે છે. જાણકાર લોકોનું કહેવું છે કે, જો પ્રવાહ હોવામાં ૧૧ વાગ્યા સુધી વિલંબ થશે તો હરીફ પાર્ટીના વર્કર્સ વચ્ચે કાઉન્ટિંગ સેન્ટર પર ઝપાઝપી થઈ શકે છે. અધિકારીનું કહેવું છે કે, જો આ પેપર્સ સ્લીપની ગણતરી ઈવીએમ કાઉન્ટિંગ બાદ કરવામાં આવશે તો પરિણામમાં વિલંબ થઈ શકે છે. આ વર્ષના અંત સુધી ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં થનાર વિદાનસભા ચૂંટણીમાં આની શરૂઆત થઈ શકે છે. ચૂંટણી પંચના એક અધિકારીએ કહ્યું છે કે, અમે નિયમોમાં સુધારા કરવા જઈ રહ્યા નથી. આનાથી પ્રક્રિયા લાંબી થઈ જશે. ચૂંટણી પંચ તરફથી રચવામાં આવેલી સમિતિ એક સીટમાં ૪થી ૫ પોલિંગ સ્ટેશનોમાં પેપર્સ સ્લીપની ગણતરી કરવાના પક્ષમાં છે. અલબત્ત આમ આદમી પાર્ટી ૨૫ ટકા બુથ પર આ પ્રકારની ગણતરી કરવા ઈચ્છુક છે. પંચના અધિકારીએ કહ્યું છે કે, આ ખુબ જ અવ્યવહારિક છે. આનાથી કાઉન્ટિંગમાં ખુબ વિલંબ થશે અને પરિણામ પણ ૨૬ કલાક મોડેથી જાહેર થઈ શકે છે.

આજે શહેરમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પધારવાના છે. જેને પગલે શહેર આખું ભાજપના રંગે રંગાઈ ગયું છે. શહેરમાં સંમેલનને પગલે અનેરો માહોલ જોવા મળી રહ્યો છે.શહેરના માર્ગો પર ઠેરઠેર ભાજપના ઝંડા લાગી ચુક્યા છે. વરસાદની સિઝન હોવાથી રામકથા મેદાન ખાતે લાખો કાર્યકર્તા એક-સાથે બેસી શકે તેવો વોટરપ્રુફ ભવ્ય શામિયાણો તૈયાર કરાયો છે. શહેરમાં આયોજીત કાર્યક્રમમાં રાજયના મંત્રીઓ, પ્રદેશના હોદેદારો, વિવિધ મોરચા-સેલના હોદેદારો સહિત લાખો કાર્યકરો હાજર રહેશે. જેથી ગાંધીનગર મહાનગરના હોદેદારોની જવાબદારીઓને પગલે દોડધામ કરતા નજરે પડી રહ્યા છે. સંમેલન સ્થળે કાર્યકર્તાઓ દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. પેજ સંમેલનમાં નોર્થ ઝોનના લાખો કાર્યકર્તાઓ આવવાના હોવાથી સભા સ્થળે લાખો લીટર મીનરલ પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in